# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-04-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## લોકાભામાં વકફ સુધારા વિધેયક પસાર:

લોકસભામાં 12 કલાકની ચર્ચા બાદ ગઈ મોડી રાત્રે વકફ સુધારા વિધેયક પસાર થયું. મતદાનમાં 520 સાંસદોએ ભાગ લીધો હતો. 288 સાંસદોએ પક્ષમાં મતદાન કર્યું, જ્યારે 232 સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું.

હવે આ ખરડોરાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. જ્યાં આજે બપોરે ૧ વાગ્યે તેની ચર્ચા શરુ થશે. કેન્દ્રીય  ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું કે, વકફમાં એક પણ બિન-ઈસ્લામિક વકફમાં આવશે નહીં.આ ઉપરાંત, ૨૦૨૫ ના વર્ષથી જ જોગવાઈઓ અમલી બનશે, તેમ જણાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## ઈમિગ્રેશન અને ફોરેનર્સ  વિધેયક પસાર:

સંસદે ઇમિગ્રેશન અને ફોરેનર્સ વિધેયક, 2025 પસાર કર્યું છે અને ગઈકાલે રાજ્યસભામાં તેને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ લોકસભામાં આ બિલ પસાર થઈ ચૂક્યું છે. આ કાયદો ભારતમાં વિદેશીઓના સ્થળાંતર, પ્રવેશ અને રોકાણને નિયંત્રિત કરશે. ગૃહમાં બિલ પરની ચર્ચાનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે આ કાયદો ભારતની મુલાકાત લેનારા વિદેશીઓના તમામ અદ્યતન રેકોર્ડને જાળવવામાં અને તેનું સંચાલન કરવામાં મદદ કરશે.

------------------------------------------------------------------------------------------

## <u>પ્રધાનમંત્રી બીમસ્ટેક શિખર પરિષદ:</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છઠ્ઠી બિમ્સ્ટેક શિખર પરિષદમાં ભાગ લેવા માટે આજે સવારે થાઇલેન્ડની બે દિવસની મુલાકાતે રવાના થશે. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી બેંગકોકમાં તેમના સમકક્ષ પેટોંગટાર્ન શિનાવાત્રા સાથે દ્વિપક્ષી વાતચીત કરશે.
તેઓ દ્વિપક્ષી સંબંધોના સમગ્ર ક્ષેત્રમાં પ્રગતિની સમીક્ષા કરશે અને ભારત-થાઇલેન્ડ દ્વિપક્ષી ભાગીદારીને વધુ વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરશે. તેઓ અનેક દ્વિપક્ષી દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાના સાક્ષી પણ બનશે.

**-------------------------------------------------------------------------------------------------**

## <u>જામનગર-યુદ્ધ વિમાન દુર્ઘટનાગ્રસ્ત:</u>

જામનગરમાં જેગુઆર લડાકુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના સમાચાર મળ્યા છે.
જામનગરના સુવરડા ગામની સીમમાં ગઈ રાત્રે આ યુદ્ધ વિમાન તૂટી પડતા એક પાયલટનું મૃત્યુ થયાના અહેવાલ મળી રહ્યા છે. જયારે, એક ને સારવાર હેઠળ ખસેડાયો છે. પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થવાની સાથે જ આસપાસના વિસ્તારમાં આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક વહિવટીતંત્રના અધિકારીઓ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મળતી વિગતો પ્રમાણે, આ તાલીમી ફાઈટર પ્લેનમાં 2 પાયલટ સવાર હતા.

**-------------------------------------------------------------------------------------------------**

## <u>ડીસા- ફટાકડા ફેક્ટરી દુર્ઘટનાની તપાસ:</u>

**બનાસકાંઠાના ડિસામાં ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટનાની સઘન તપાસ કરવા રાજ્ય સરકારે મહેસુલ વિભાગના સચિવ ભાવિન પંડ્યાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાની ચાર સભ્યોની ખાસ તપાસ સમિતિ - SITની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિ સમગ્ર બનાવની તપાસ કરીને 15 દિવસમાં સરકારને અહેવાલ રજૂ કરશે.**
**દરમિયાન, ગાંધીનગરમાં મંત્રીમંડળની બેઠકનાં નિર્ણયો અંગે પત્રકારોને માહિતી આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, FSL સહિતની એજન્સીના અહેવાલો આવ્યા બાદ દોષિતો સામે ગંભીર કલમો લગાવીને કડક પગલા ભરવામાં આવશે.**

---

## કંડલા બંદર:

દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ નાણાકીય વર્ષ 2024-25માં 150 મિલિયન મેટ્રિક ટન માલસામાનની હેરફેર કરીને પારાદીપ પોર્ટને પાછળ મૂકીને દેશનું પ્રથમ મહાબંદર બનવાની સિધ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતના અગ્રણી દરિયાઈ પ્રવેશદ્વાર એવા કંડલા બંદરે તેના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી વધુ કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ પ્રાપ્ત કર્યું છે.

---

## આઇપીએલ:

ગુજરાત ટાઇટન્સ ની ટીમે રોયલ ચેલેન્જર બેંગલુરુ ને 8 વિકેટે હરાવી આઇ પી એલ માં વિજયની પરંપરા જાળવી રાખી છે. બેંગલુરુ ખાતેની મેચ માં બેંગલુરુ ટીમ20 ઓવર માં 8 વિકેટ ગુમાવી 169 રન કરી શકી હતી. જવાબ માં ગુજરાતની ટીમે બે વિકેટ ગુમાવી 170 રન કરી મેચ જીતી લીધી હતી. ગુજરાતની ટીમ નાં જોશ બટલર 73 અને રૂથર ફોર્ડ 30, રન સાથે અણનમ રહ્યા હતા. ગુજરાત ની ટીમે આ અગાઉ મુંબઈ ઇન્ડિયન્સ ને હરાવી પ્રથમ જીત મેળવી હતી.

---

## હિટવેવની આગાહી:

હવામાન વિભાગે આજથી આગામી 7 દિવસ સુધી રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હીટવેવની આગાહી કરી છે. રાજ્યમાં ધીમેધીમે સરેરાશ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે, તેમ હવામાન વિભાગના નિયામક એ.કે.દાસે જણાવ્યું હતું.

---